બેન્ક ઓફ બરોડા અકાદમી દ્વારા હિન્દી દિવસ ઉજવાયો




## @ગાંધીનગર

● સે-૯ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગીરના લોક સાહિત્યકાર રાજભા ગઢવી અને હાસ્ય કલાકાર સુખદેવ ધામલીયાનો લોક ડાયરો યોજાશે.

● સે-૩-એ ન્યુમાં પારૂલબેન નરેશભાઈ પરમાર નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૬/૧ ખાતે બપોરે ૨ કલાકે પ્રફુલ્લાબેન ભાવસારના મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે.

● પેથાપુર જીઈબી રોડ પરની નિલકંઠ વિલામાં ગણેશ મહોત્સવ સાંજે ૭ કલાકે. તેજસ્વી તારલાં તથા વડીલોનો સન્માન સમારોહ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શહેરમાં યોજાયું અદ્ભુત યોગ નૃત્ય

## ગુજરાતની છ ટીમોના ૭૫ યોગ અભ્યાસુ બાળકોએ દિલધડક યોગ નૃત્યો પ્રસ્તુત કર્યા : ભાવનગરની ૧૦ વર્ષની બાળાએ પ્રેક્ષકોના દિલ જીતી લીધા

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૨૨ના રંગમંચ ખાતે ચાલી રહેલા સાર્વજનિક ગણેશોત્સવમાં મંગળવારે રાત્રે ગાંધીનગરમાં પ્રથમવાર યોજાયેલ યોગ નૃત્ય જોઈને નગરવાસીઓ આફરિન પોકારી ગયા હતા. યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાત તેમજ લકુલિશ યોગ યુનિવર્સિટી દ્વારા પ્રસ્તુત આ યોગ નૃત્ય નિદર્શનમાં ગુજરાતની છ ટીમો દ્વારા અદભુત અને નયન રમ્ય યોગ નૃત્યોએ ઉપસ્થિત તમામ પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. સમગ્ર ગુજરાતમાંથી આવેલ આ ટીમોમાં કુલ ૭૫ યોગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાવનગરથી આવેલ એક ૧૦ વર્ષની બાળાએ મંત્રમુગ્ધ કરી દેતા યોગ કરતબ રજુ કરી તમામ પ્રેક્ષકોને વાહ વાહ પોકારવા મજબુર કરી દીધા હતા.



કાર્યક્રમમાં લકુલીશ યોગ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ચંદ્રસિંહજી ઝાલા, યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાતના અધ્યક્ષ સંતોષભાઈ કામદાર, એસોસિએશનના ઉપાધ્યક્ષ તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રીમતી કુમુદબેન ત્રિવેદી, યોગ યુનિ.ના ડીન તથા ડાયરેકટર યોગગુરૂ આર.જે.જાડેજા. મંત્રી હર્ષદભાઈ સોલંકી તથા અગ્રણી નગરજનો સહિત મોટી સંખ્યામાં પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. યોગ નૃત્ય નિદર્શનમાં વિવિધ યોગાસનો આધારિત નૃત્યો ઉપરાંત યોગ ક્રિયાઓનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. જુનાગઢ, જામ જોધપુર, સુરત, ભાવનગર, અમદાવાદ અને કડીની ટીમોએ યોગ નૃત્યો પ્રસ્તુત કર્યા હતા. આ યોગ નૃત્યોમાં ભાગ લેનાર ૭૫ વિદ્યાર્થી ભાઈ બહેનોમાં ૧૩ સભ્યો તો એવા હતા જે ૨૧મી જુન વિશ્વ યોગ દિવસે ચીન ખાતે યોજાયેલ વર્લ્ડ યોગ ચેમ્પિયનશીપની વિજેતા ટીમનો હિસ્સો હતા તથા આ જ દિવસે નવી દિલ્હી ખાતે યોગ નિદર્શન માટે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પણ ભાગ લઈ ચૂકયા હતા.

જામજોધપુરની ટીમ દ્વારા પ્રસ્તુત કરાયેલી થાળી યોગ નૃત્યમાં તમામ બાળાઓએ પોતાની આંગળી પર થાળીને સતત ફરતી રાખી દિલધડક યોગ કરતબ કર્યા હતા અને ક્ષણે ક્ષણે તાળીઓનો ગડગડાટ પ્રાપ્ત કર્યો હતો. યોગ નૃત્યમાં વિવિધ માનવ પિરામિડ તૈયાર કરાયા હતા અને ૩ થી ૮ મિનિટના વિવિધ યોગાસનોનું સંગીત સાથે સંકલન યોજવામાં આવ્યું હતું. ઝડપભેર બદલાતા યોગ કૌશલ્યોને પ્રેક્ષકોએ એકીટશે માણ્યા હતા.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના જયરાજસિંહ સરવૈયા, સી.એલ. મહેતા, આશાબેન સરવૈયા, હિરેન શાસ્ત્રી, ડૉ. ચેતના બુચ, ભાસ્કર બાલપાંડે, રાકેશ જાની, વિષ્ણુરાવ બાલપાંડે, સંજય ભોંસલે, કલ્પેશ બાલપાંડે, હિતેશ બાલપાંડે, જયપ્રકાશ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરની દિકરી અવની મોદી તેની મધુર ભંડારકર નિર્દેશિત ફિલ્મ કેલેન્ડર ગર્લના પ્રિમીયર શૉ માટે શુક્રવારે સીટી પલ્સ ખાતે ઉપસ્થિત રહેશે. નગરના યુવા ફિલ્મ કલાકારો માટે અવની મોદી પ્રેરણાત્મક સંચાર સાબિત થઈ રહી છે.

● ઈન્ફોસીટી રિસોર્ટના મેનેજીંગ ડાયરેકટર સુવાસ બારોટે તેમના નિવાસસ્થાને ગણેશજીની સ્થાપના કરી છે. રોજ સવાર સાંજ ગણેશજીની આરત-પૂજા આરાધના કરી કૃતજ્ઞતા અનુભવી રહ્યાં છે.

● સે-૧૬માં દેના બેંક સામેના ટર્નિંગ પોઈન્ટ પર સાંજના સુમારે એક કાર સાથે બાઈકસવાર ટકરાયો હતો. કારમાં બેઠેલા યુગલ સાથે બાઈક સવારની જીભા જોડીથી મામલો થોડીક ક્ષણો માટે ગરમાયો હતો પરંતુ પછી મોકો જોઈ બાઈક સવાર ત્યાંથી સરકી ગયો હતો.

● શહેરના શ્રધ્ધાળુઓએ જેમણે પોતાના ઘરે સાત દિવસ માટે ગણપતિની સ્થાપના કરી હતી તેઓએ બપોર પછીનું મુહુર્ત હોવાથી સાંજે વિસર્જન યાત્રાઓ કાઢી હતી. ગણપતિ વિઘ્નહર્તા હોવા છતાં શ્રધ્ધાળુઓ તેમના દરેક કાર્યમાં મુહુર્ત શા માટે જોતા હશે?

● અનામતના લાભથી વંચિત વર્ગો માટે સરકાર દ્વારા આજે આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવનાર છે. આ સંદર્ભે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નગરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## સમસ્ત લેઉવા પટેલ સમાજ વેવિશાળ ડિરેકટરી બાબત

ગાંધીનગર, તા.૨૩

તમામ લેઉવા પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે લગ્ન સંબંધી માહિતી જેવી કે નામ, સરનામું, ફોટોગ્રાફ, ફોન નંબર, ઉંચાઈ વજન, મોસાળ પક્ષ, ધંધાની વિગત સાથેની વેવિશાળ ડિરેકટરીનું આયોજન તૈયાર કરેલ છે.

ઘેર બેઠા મનપસંદ પાત્રો મળી રહે, માંગલિક પ્રસંગ ઉકેલી શકાય તે માટે સહાયરૂપ જરૂર થશે. શારીરિક ખોડ ખાંપણ, ઓછો અભ્યાસ, રીમેરેજ વાળા વ્યકિતઓ ભાગ લઈ શકશે. ઉપરોકત માહિતી શુભમ કલીનીક, ગોલ્ડ કોઈન કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પર તા. ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં મોકલવી અને મો. ૯૯૨૪૦ ૨૩૩૩૪નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## જુના સચિવાલયમાંથી વધુ એક કોમ્પ્યુટર ચોરાઈ ગયું

ગાંધીનગર, તા.૨૩

શહેરના જુના સચિવાલયમાં આવેલી વિવિધ કચેરીઓમાંથી આખે આખા કોમ્પ્યુટર ચોરી થઈ રહ્યા છે. અગાઉ પણ એક કચેરીમાંથી કોમ્પ્યુટર ચોરાયા હોવાની ફરિયાદ પોલીસમથકે કરાઈ હતી. સિકયુરીટી ગાર્ડના પહેરા ચોવીસ કલાક રહેતા હોવા છતાં કોમ્પ્યુટર ચોરી અનેક શંકાઓ સેવી રહી છે. ગઈ કાલે રાત્રી દરમિયાન વધુ એક કોમ્પ્યુટરની ચોરી જુના સચિવાલયમાંથી થવા પામી છે. નશાબંધી અને આબકારી ખાતામાંથી થયેલી ચોરી અંગે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

**નશાબંધી અને આબકારી ખાતામાંથી રાત્રી દરમિયાન કોમ્પ્યુટરની ચોરી : પોલીસ ફરિયાદ**

જુના સચિવાલયના બ્લોક નં. ૩ના ભોંય તળીયે સ્થિત નશાબંધી અનો આબકારી ખાતાની કચેરીમાંથી રૂ. ૩ હજારની કિંમતના કોમ્પ્યુટરની ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. ગઈ સાંજે ઓફીસ બંધ કર્યા બાદ સવારે ઓફિસ ખોલી ત્યાં સુધીના સમયગાળા દરમિયાન કોઈ શખ્સ કચેરીમાંથી કોમ્પ્યુટરની ઉઠાંતરી કરી ગયો છે. આ કોમ્પ્યુટર ચોરી અંગે જાણ થતા કર્મચારી શૈલેષભાઈ રામજીભાઈ રબારીએ સે-૭ પોલીસમથકમાં ફરિયાદ આપી છે. જેને આધારે સે-૭ પોલીસની ટીમે જુના સચિવાલયમાં ઘર કરી ગયેલા કોમ્પ્યુટર ચોરને પકડી પાડવા દોડધામ શરુ કરી છે.

## બેંક ઓફ બરોડા અકાદમી દ્વારા હિન્દી દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનરના સે-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસમાં નાથીબા હોલ ખાતે બેંક ઓફ બરોડા અકાદમી દ્વારા હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બે પ્રતિયોગિતા યોજવામાં આવી હતી. જેમાં સમૂહ હિન્દી ગીતો તથા કાર્ડ મેકીંગ કોમ્પિટીશનનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં કેમ્પસની એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સ્કૂલના પ્રધાનાચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, બેંક ઓફ બરોડા અકાદમીના પ્રભારી અનિલ શ્રીવાસ્તવ સભ્યો વિકાસ ચાવલા અને મનીષાબેન ત્રિપાઠી ઉપરાંત સ્કૂલના શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતાં.

## જીસીઈઆરટી દ્વારા સે-૨૦ પ્રા. શાળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સે-૨૦માં સરકારી પ્રાથમિક શાળા નં. ૧ ખાતે જીસીઈઆરટી દ્વારા ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદઘાટન તા. ૨૯મી સપ્ટેમ્બર મંગળવારે બપોરે ૩.૩૦ કલાકે ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ દિવ્યાંશુ દવેના હસ્તે કરાશે. પ્રદર્શનનું સમાપન તા. ૩૦મી સપ્ટેમ્બરે બુધવારે ૪-૦૦ વાગે કરાશે.

## શહેરમાં અશ્વિન પાઠકના સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સે-૧૭માં ટાઉનહોલ ખાતે તા. ૫મી ઓકટોબર સોમવારે સાંજે ૮.૩૦ કલાકે પ્રસિધ્ધ કથાકાર અશ્વિન પાઠકના સ્વ કંઠે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાશે. આ સુંદરકાંડના પાઠનું આયોજન કમલેશ પંડયા, સનત પંડયા તથા તીર્થ પંડયા દ્વારા પિતાશ્રી સ્વ. વાસુદેવ લક્ષ્મીશંકર પંડયા અને માતૃશ્રી સ્વ. વીણાબહેન વાસુદેવ પંડયાના સ્મરણાર્થે કરવામાં આવ્યું છે.

# ગાંધીનગર તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામ સ્થિત મધુરી મનસુખલાલ વસા શાળા ખાતે ગાંધીનગર તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૫ બે દિવસ તા. ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ યોજાયું હતું. આ પ્રદર્શનન પાંચ વિભાગમાં યોજાયું હતું અને ૧૨૭ ગણિત-વિજ્ઞાનની અદભુતકૃતિઓ બાલ વૈજ્ઞાનિકોએ રજુ કરી હતી.

જેમાં સ્વાસ્થ્ય, પોષણ અને સ્વચ્છતા, સ્ત્રોતનું વ્યવ્થાપન, ઉદ્યોગો, ખેતી અને ખાદ્ય સુરક્ષા, ગુણવત્તાયુકત જીવન માટે ગણિત, આપત્તિ વ્યવસ્થાપન અને અન્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકાની શાળાઓના બાળકો દ્વારા સુંદર કૃતિ રજુ કરવામાં આવી હતી. જેમાં સ્વાસ્થ્ય-પોષણ વિભાગમાં આયુર્વેદિક ઔષધિઓના નમુના અને ઉપાયો, કુપોષણના કારણો, બી.એમ.આઈ. ગણતરી, ધુમ્રપાનની ઘાતક અસર, સસ્તુ સુલભ શૌચાલય, ગ્રાઈપ વોટર બનાવવું, વેસ્ટમાંથી બેસ્ટ ઓર્થોપેડીક એકયુ.લેમ્પની કૃતિઓ નિદર્શન માટે મુકવામાં આવી હતી. તેવી



જ રીતે સ્ત્રોતોનું વ્યવસ્થાપન વિભાગમાં મહાદેવ પુરા પ્રા. શાળાના બાળ વૈજ્ઞાનિકોએ બંધ બોરવેલમાં પડી જતા બાળકોને ધ્યાને લઈ સેન્સરવાળા બોરવેલનું મોડલ તૈયાર કરાયું હતું. જેમાં બોરવેલની અંદર એક પ્લેટ મુકવામાં આવી છે. જેના પર કોઈ પણ વજન આવવાથી ઉપર મુકેલું સેન્સર દબાય છે. સેન્સરની સર્કીટ સાથે મોટર જોડાયેલી હોવાથી અંદર પડેલ વસ્તુ, પાણી, વ્યકિત તરત બહાર આવે છે. તેમજ અન્યમાં ઈલેકટ્રીક ચાર્જીંગ રોડ, ઓપ્ટીકલ કેબલ, લેમન બેટરી તેવી જ રીતે ઉદ્યોગો વિભાગમાં ધુમાડાનું શુધ્ધિકરણ, હાઈડ્રોલીક ક્રેન, શહેરનું નવીનીકરણ, ડબલ હેન્ડપંપ, પ્લાસ્ટીક વેસ્ટમાંથી વલાણું જયારે ખેતી અને ખાદ્ય સુરક્ષામાં જમીનનું ધોવાણ અટકાવવાના ઉપાય, ફિશ એન્ડ ટેન્ક દ્વારા ખેતી, ખેતી અને ખાદ્ય સુરક્ષા, વનસ્પતિ પેશી સંવર્ધન અને પાંચમા વિભાગમાં ગુણવત્તાયુક જીવન માટે સ્વયંસંચાલિત સ્ટ્રીટ લાઈટ, નવઅંકનો જાદુ, ટ્રાફિક નિવારણ માટે ઓબરબ્રિજ, વાવાઝોડા સૂચક યંત્ર સહિતની ગણિત-વૈજ્ઞાનિક કૃતિઓ બાળ વૈજ્ઞાનિકો દ્વારા શિક્ષકના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી. આ મેળાનું ઉદઘાટન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ગણિત-વિજ્ઞાન મેળામાં શાળાના ટ્રસ્ટી પ્રાથમિક શિક્ષણાધિકારી સંજયભાઈ, કે.એસ. પરમાર, વિષ્ણુભાઈ નાયી સહિત શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી અદભુત કૃતિઓ નિહાળી હતી.

# બકરીઓનો ફોટો આપો પછી ચોરીની ફરીયાદ દાખલ થાય..!

## ઈદ પહેલા સે-૨૯માંથી પાંચ બકરીઓની ચોરી : પોલીસે ફરિયાદ પહેલા બકરીઓનો ફોટો માંગતા પશુપાલક મુંઝાઈને પરત ફર્યો

ગાંધીનગર, તા.૨૩

શહેરનાં સે-૨૯માંથી પાંચ બકરીઓની ચોરી થઈ... પશુપાલક પોલીસ ફરિયાદ કરવા પહોંચ્યા ને ત્યાંથી જવાબ મળ્યો કે તમારી પાસે ચોરાયેલી બકરીઓનો ફોટો છે? જો ચોરીની ફરિયાદ કરવી હોય તો બકરીના ફોટા જોઈએ...! ફરીયાદ કરવા પહોંચેલો પશુપાલક બિચારા માથું ખંજવાળતા ખંજવાળતા બહાર ચાલ્યા ગયા કે હવે ફોટો કયાંથી લાવું? અત્યંત હાસ્યાસ્પદ આ કિસ્સામાં પાંચ બકરી જેની ચોરાઈ તેની સ્થિતિ કેવી હશે તે તો વિચારવું જ રહ્યું...!

સેકટર-૨૯ ખાતે રહેતા કમશીબાઈને વાડામાં દશેક બકરી-બકરા છે. ગઈ કાલે સવારે બગીચા પાસે ચરાવવા લઈ ગયા હતાં. થોડો સમય તે બેધ્યાન થયા ત્યાં તો તેમની ત્રણ બકરીઓ અને બે બકરા કોઈ શખ્સો ઉઠાંતરી કરી ગયા હતા. ઈદ પહેલા જ પાંચ બકરીઓની ચોરી થઈ જતાં પશુપાલક હેબતાઈ ગયો હતો. એક બકરી ૧૦થી ૧૨ હજારની કિંમતમાં વેચાય છે અને દિવસ પહેલા જ ૧૨ હજારમાં બકરીઓ ખરીદી કરવા ગ્રાહક તેમની પાસે આવ્યા હતાં. દરમિયાન પાંચ બકરીઓ ચોરાઈ જતા તે પોલીસ ફરિયાદ કરવા સે-૨૧ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા તો ત્યાંથી જવાબ મળ્યો કે તમારી પાસે બકરીઓના ફોટા છે. જો ફોટા નહીં હોય તો અમે તપાસ કેવી રીતે કરશું? ફરીયાદ કરવા ગયેલા કમશીબાઈને તો ઠીક કદાચ અન્ય અરજદારોએ પણ આ વાત સાંભળી લીધી હશે તો ચકકર આવી ગયા હશે! મનોમન વિચાર પણ આવ્યો હશે કે સારું થયું કે બકરીના જન્મનો દાખલો પોલીસે ન માંગ્યો! છેલ્લે કંટાળીને ફરિયાદ કર્યા વગર કમશીભાઈ ઘરે પરત ફર્યા હતાં.

## ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર સેક્ટર-૭ સ્થિત શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં ૨૧મી સપ્ટેમ્બરના રોજ કાનૂની શિબિર યોજાઈ હતી. આ શિબિરનું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર લીગલ વોલેન્ટર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે સુધીરભાઈ દેસાઈ અને જયરામભાઈ સોની સહિત રાજુભાઈ ગજ્જર, નટુભાઈ પટેલ વિમળાબેન આચાર્ય, જિગીષાબેન ઉપાધ્યાય ઉપસ્થિત રહી એન્ટ્રી રેગિંગ અને કાયદાની કલમ વિશે ચર્ચા કરી સમજ પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સી. ડબલ્યુ.ડી.સી.ના કન્વીનર ડૉ. લીનાબેન સ્વાદિયા અને કો. કન્વીનર શ્રી તારાબેન દેસાઈએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની ત્રિવેદી મેઘલ અને પ્રયોશા વાઘેલાએ સંભાળ્યું હતું.

# નવરાત્રિ માટે નવા સ્ટેપ્સ શીખવા યુવાનોમાં ઉત્સાહ

## બિન ગુજરાતીઓમાં ગરબા શીખવાનો અનોખો ઉત્સાહ : બેઝીક ગરબાથી લઈને ફિલ્મી સ્ટાઈલના ગરબા શીખવા યુવાનોમાં ભારે ક્રેઝ

ગાંધીનગર, તા.૨૩

મા આદ્યશકિતની પૂજા આરાધનાના પર્વ નવરાત્રીનું આગમન હવે થોડાક દિવસોમાં થશે. યુવાનોમાં આ પર્વ માટે ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરના લગભગ તમામ ગરબા કલાસીસ યુવાનોથી ઉભરાઈ રહ્યા છે. બેઝીક ગરબાના સ્ટેપ્સથી લઈને હિન્દી ફિલ્મોના ગીતો આધારિત અવનવાં સ્ટેપ્સ શીખવા યુવાનોમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે.

નવરાત્રીના નવ દિવસ દરમિયાન ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમે છે. ગરબા હવે માત્ર મા આદ્યશકિતની આરાધનાનું માધ્યમ નથી રહ્યું : યુવાનો માટે નવરાત્રી ગરબા એટલે ડાન્સીંગ, ફેશન અને સ્ટાઈલનું મિશ્રણ. હવે બે તાલી, ત્રણ તાલીના ગરબા આઉટ ઓફ ફેશન ગણાય છે. દોઢીયુ, પોપટીયુ, કચ્છી ગરબાથી લઈને અવનવી સ્ટાઈલના લેટેસ્ટ ગરબા રમવાનો ટ્રેન્ડ હવે બાળકોથી લઈને વયસ્કો સુધીમાં જામતો જાય છે.

છેલ્લા ૧૨ વર્ષથી સેકટર-૨૧માં રિધમ ગરબા કલાસીસ ચલાવતા નિરવ લોય કહે છે કે હવે ગુજરાતીઓની સાથે સાથે નોન ગુજરાતીઓમાં પણ ગરબા શીખવાનો ક્રેઝ જામતો જાય છે. દરેક રાજયના પોતાના લોકનૃત્યો છે. પરંતુ કોઈ તહેવાર દરમિયાન સતત નવ દિવસ




સુધી લોકનૃત્ય કરવામાં આવતું હોય તેવો એક માત્ર તહેવાર નવરાત્રી છે. આથી જ નવરાત્રીની લોકપ્રિયતા દર વર્ષે વધતી જાય છે. તેઓના ગરબા કલાસીસમાં બીએસએફ, સીઆરપીએફ, એરફોર્સ તથા આર્મી કેમ્પસમાં રહેતા બીન ગુજરાતી યુવક-યુવતીઓ ગરબા શીખવા આવે છે. નવરાત્રી દરમિયાન વિવિધ સ્થળોએ યોજાતા ગરબા મહોત્સવમાં બીન ગુજરાતઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધતી જાય છે. જે તેની લોકપ્રિયતા દર્શાવે છે. સુરાંગન ગરબા કલાસીસના વિપુલ શાહ છેલ્લા ૧૧ વર્ષથી ગરબા કલાસીસ ચલાવે છે. તેમના ગરબા કલાસીસમાં બાળકો અને તેમના પેરેન્ટસ એક સાથે ગરબા શીખવા આવે છે. તેઓ કહે છે કે શરૂઆતમાં બેઝીક ગરબા શીખવવામાં આવે છે તે પછી લેટેસ્ટ ટ્રેન્ડના અવનવા ગરબા શીખવવામાં આવે છે. હાલમાં ફીલ્મી ગીતો પર આધારિત ગરબા સ્ટેપ્સનું ચલણ વધ્યું છે.

છેલ્લા ત્રણ વર્ષથી ગરબા કલાસીસ ચલાવતા ખૈલેયા ગરબા કલાસીસના સંચાલક યોગેશ શાહ મુળ રાજસ્થાની છે પરંતુ તેઓને ગુજરાતી ગરબા પર ખુબ ફાવટ આવી ગઈ છે. તેઓ યુવક યુવતીઓને અવનવા ગરબા શીખવી રહ્યા છે. તેઓ પોતાના કલાસમાં ગરબા શીખવા આવતા યુવાનો વચ્ચે જ સ્પર્ધા ગોઠવે છે. જેથી યુવાનોમાં ઉત્સાહ જળવાઈ રહે. આ વર્ષે ગરબાની સાથે સાથે રાસમાં પણ અવનવી સ્ટાઈલ-સ્ટેપ્સ શીખવવામાં આવી રહ્યા છે. ગરબા દરમિયાન વરસાદ ન નડે તેવી જ સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે.

## પ્રેરણા વિદ્યાલયમાં ઓઝોન ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે તાજેતરમાં ઓઝોન-ડેની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રેરણ વિદ્યાલય ખાતે ૧૬મી સપ્ટેમ્બરના રોજ આંતર રાષ્ટ્રીય ઓઝોન ડેની ઉજવણી કરાઈ હતી. જીવ સૃષ્ટિ પર સૌને મદદગાર ઓઝોન પડ સૂર્યપ્રકાશના મોટા ભાગના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણો શોષીને પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિનું રક્ષણ કરે છે. આ પડની જાળવણી માટે અને તેનાથી થતા નુકસાનને અટકાવવા ઉપાયો અંગે પ્રેરણા વિદ્યાલય ખાતે નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઓઝોનની જાળવણી માટે ખુબ જ અસરકારક વકતવ્ય રજુ કર્યા હતા. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા. આ પ્રસંગે શાળના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ તેમજ આચાર્ય મનીષભાઈ ખત્રીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોરભાઈ કાન્તીલાલ પાનવાલા, ઉ.વ.૭૬
- સ્વ. સંતોકબેન નાથાભાઈ પટેલ, ઉ.વ. ૮૬
- સ્વ. લક્ષ્મણભાઈ વીહાભાઈ વાઘરી, ઉ.વ. ૭૫